તા. ૧૮.૧૨.૨૦૨૩
ગાંધીનગર ભાસ્કર. પાનાનં. ૦૪

# મેટ્રોની લાઈન નાંખવાની તૈયારી પૂર જોશમાં



આગામી લોકસભાની ચૂંટણીને પગલે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં મેટ્રો રેલ લાઈન નાખવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જોકે ગાંધીનગરમાં મેટ્રો રેલ લાઈન બે ફેજમાં નાખવામાં આવનાર છે. જેમાં કોટેશ્વરથી ગિફ્ટ સુધીનો પ્રથમ ફેજ અને ગિફ્ટસીટી થી મહાત્મા મંદિર સુધીનો બીજા ફેજમાં એમ બે તબક્કામાં મેટ્રો લાઈન નાખવામાં આવનાર છે. જોકે મેટ્રો રેલ લાઈન નાખવા માટે હાલમાં પિઅર બનાવવાની કામગીરી તડામાર ચાલી રહી છે. જેના ભાગરૂપે નગરના માર્ગ નંબર પાંચ ઉપર પિઅર બનાવવામાં આવી રહ્યા છે.